સારી કોલેજમાં એડમિશન મેળવવા માટે

તોફાની સુનીલ છેત્રી ફૂટબોલની રમતમાં જોડાયો

ભારતીય ફૂટબોલના દિગ્ગજ ખેલાડી અને જેને કરિશ્માઈ કેપ્ટન તરીકેનું ઉપનામ મળ્યું છે તે સુનિલ છેત્રીએ આગામી જૂન મહિનામાંમ કુવેત સામે રમાનારી ફિફા વર્લ્ડકપ ક્વોલિફાઈંગ મેચ પછી પોતાની સુદિર્ઘ કેરિયર પર પૂર્ણવિરામ મૂકવાનો નિર્ણય લીધો છે. જો કે કોઈ તમને એમ કહે કે સુનિલ છેત્રી ફૂટબોલની રમતમાં અમસ્તો જ આવી ગયો હતો તો તમે કદાચ એવી વાત ન માનો, પણ ખરેખર એ સાચી વાત છે. તોફાની અને રમતિયાળ સુનીલ છેત્રીને બાળપણમાં ફૂટબોલનો શોખ નહોતો અને તે સારી કોલેજમાં એડમિશન મેળવવા માટે રમતગમતનો માધ્યમ તરીકે ઉપયોગ કરવા માગતો હતો, પરંતુ નસીબમાં કંઈક બીજું જ લખ્યું હતું. તેના સૈનિક પિતા ખરગા છેત્રી હંમેશા ઈચ્છતા હતા કે તેમનો પુત્ર એક વ્યાવસાયિક ફૂટબોલ ખેલાડી બને અને એ બધુ જ મેળવે જે તેઓ પોતે ન કરી શક્યા. સુનીલે દિલ્હીમાં ફૂટબોલનો કક્કો શીખવાનું શરૂ કર્યું અને 2001-02માં સિટી ક્લબમાં જોડાયો. એ પછી તે 2002માં મોહન બાગાન જેવી દિગ્ગજ ક્લબમાં જોડાયો. તે પછી જે થયું તે ભારતીય ફૂટબોલના ઈતિહાસમાં નોંધાયેલું છે. લગભગ બે દાયકાની સુવર્ણ કારકિર્દી પછી, છેત્રીએ આવતા મહિને કુવૈત સામેની વર્લ્ડકપ ક્વોલિફાઈંગ મેચ બાદ આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય કર્યો છે.

ભારત માટે 150 મેચોમાં 94 ગોલ કરનાર છેત્રી ભારતીય ફૂટબોલના હબ ગણાતા કોલકાતામાં રમતને અલવિદા કહી દેશે. તે 2005 સુધી મોહન બાગાન સાથે રહ્યો અને તેણે 18 મેચમાં આઠ ગોલ કર્યા. આ પછી તે ભારતની અંડર 20 ટીમ અને સિનિયર નેશનલ ટીમ સાથે જોડાયો. તેણે 2005માં પાકિસ્તાન સામે પાકિસ્તાનના ક્વેટા શહેરમાં આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાં પદાર્પણ કર્યું હતું. તેના પિતા સિનિયર બલૂચિસ્તાન પ્રાંતમાં તેમના પુત્રની સલામતી વિશે ચિંતિત હતા કારણ કે તે સમયે સુનીલ માત્ર 20 વર્ષનો હતો. આવી સ્થિતિમાં છેત્રીએ પિતાને સાંત્વના આપી. તેના 19 વર્ષ પછી, છેત્રી સિનિયરે ફરી એકવાર રાહતનો શ્વાસ લીધો કારણ કે તેમના પુત્રએ તેમના તમામ સપના પૂરા કર્યા હતા.

આંધ્રપ્રદેશના સિકંદરાબાદમાં 3 ઓગસ્ટ, 1984ના રોજ જન્મેલા છેત્રીને ફૂટબોલ વારસામાં મળ્યો હતો. તેના પિતા ભારતીય સેના માટે રમ્યા હતા અને માતા સુશીલા નેપાળની રાષ્ટ્રીય ટીમ માટે રમી હતી. ભારતીય ટીમમાં સ્થાન મેળવવા છતાં પોતાના રમતિયાળ સ્વભાવ માટે જાણીતા છેત્રી માટે ઘણું બદલાઈ ગયું, જ્યારે તત્કાલીન કોચ બોબ હ્યુટને તેને ભાઈચુંગ ભૂટિયાની નિવૃત્તિ પછી 2011 એશિયન કપમાં કેપ્ટનશિપ સોંપી હતી.

ફૂટબોલને લાઈમલાઈટમાં લાવવાનું પણ મોટું કામ કર્યું છે. તેના કૌશલ્યને તો ભારતીય ક્રિકેટ સુપરસ્ટાર કોહલીએ પણ સ્વીકાર્યું છે, જે તેના યોગદાનને એક અલગ મુકામ આપી જાય છે.

ભારતીય ફૂટબોલ જગતનું એક મોટું નામ એવા સુનિલ છેત્રીને જે લોકો ફૂટબોલ વિશે બહું ન જાણતા હોય તે પણ ઓળખતા હશે, વિશ્વ ફૂટબોલમાં હાલના સક્રિય ફૂટબોલરોમાં સર્વાધિક ગોલ કરવા મામલે ભારતનો સુનિલ છેત્રી વિશ્વના બે દિગ્ગજ ક્રિસ્ટીયાનો રોનાલ્ડો અને લિયોનલ મેસી પછી ત્રીજા સ્થાને છે અને એ બાબત જ તેની મહાનતાનો પુરાવો આપી દે છે.

હવે તેને 'બેકબેન્ચ' પરથી આગળ આવવું હતું.

તેની કારકિર્દીના શરૂઆતના દિવસોમાં તેને સલાહ આપવા માટે ભૂટિયા જેવા દિગ્ગજ હતા, પરંતુ તેની નિવૃત્તિ પછી છેત્રીએ પોતાના દમ પર નવી ઊંચાઈઓ હાંસલ કરી. વર્ષોથી, ઘણા પ્રતિભાશાળી ફૂટબોલરોનો જન્મ થયો છે પરંતુ બાઈચુંગ ભુટિયા કે સુનીલ છેત્રી જેવા કોઈ ઉભરી શક્યા નથી.

મેદાન પર સિદ્ધિઓની નવી ગાથા લખી રહેલા છેત્રીએ ભારતીય ફૂટબોલ ફેડરેશન પર ફિફા દ્વારા સસ્પેન્શન, તેના અધિકારીઓ અને કોચ સામેના જાતીય સતામણીના આરોપો, ભ્રષ્ટાચાર અને જૂથવાદ બધું જ જોયું છે. ભારતીય ફૂટબોલમાં કોઈ અનુગામી ન હોવાને કારણે, છેત્રી તેની આંતરરાષ્ટ્રીય કારકિર્દી વધારવા માટે તેના મિત્ર વિરાટ કોહલીની સલાહ પર કડક શાકાહારી બન્યો.

વાદળી જર્સી અને નારંગી આર્મબેન્ડ પહેરીને છેલ્લા બે દાયકાથી દેશ માટે ગોલ કરી રહેલા છેત્રીએ ક્રિકેટના દિવાના દેશમાં

ઘૂંટણની સર્જરી કરાવ્યા પછી 37 વર્ષની વયે વધુ પડતી શારીરિક ક્ષમતાની માગ કરતી સ્કવોશ જેવી રમતમાં વાપસી કરવી એ કંઇ સાવ સરળ નથી પણ જોશના એ કરી શકે છે, કારણ કે તેનું મનોબળ ઘણું મક્કમ છે અને તેની લડાયક ભાવના તેને એમ કરવા પ્રેરે છે

જોશના ચિનપ્પાની

ભારત માટે વધુ રમવાની ખેવના તેની લડાયકતા દર્શાવે છે

સર્જરી પછી 37 વર્ષની ઉંમરે સ્કવોશ જેવી શારીરિક રીતે વધુ ક્ષમતાની માગવાળી રમતમાં પુનરાગમન કરવું સહેલું નથી પરંતુ પદ્મશ્રી પુરસ્કાર વિજેતા જોશના ચિનપ્પા શક્ય તેટલી વહેલી તકે PSA ટૂર પર પાછી ફરવા માટે મક્કમ છે. ભૂતપૂર્વ વર્લ્ડ નંબર 10 જોશ્નાએ ગયા વર્ષે એશિયન ગેમ્સ પછી ઘૂંટણની સર્જરી કરાવી હતી અને મહિનાઓના પુનર્વસન પછી તે સંપૂર્ણ રીતે ફિટ થવાની નજીક છે. તેણે આ અઠવાડિયે યોજાયેલી નેશનલ ડબલ્સ સ્કવોશ ચેમ્પિયનશિપમાં પુનરાગમન કર્યું અને અભય સિંહ સાથે મિક્સ્ડ ડબલ્સનું ટાઈટલ જીત્યું હતું અને એ બાબત જ તેની લડાયક ભાવનાનો પરિચય આપી જાય છે.

જોશનાએ આ ટાઈટલ જીત્યા પછી એક સમાચાર સંસ્થાને આપેલા ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે થોડા મહિના પહેલા ઘણી ઈજાઓ અને મારા ઘૂંટણની સર્જરી પછી મને હજુ પણ લાગે છે કે મારા છેલ્લા કેટલાક વર્ષો સારા હતા. પાછા રમવું કે આગળ વધવું તે નક્કી કરવું પડકારજનક રહ્યું છે. પરંતુ મને મારા પગને તાલીમ આપવા અને મજબૂત બનાવવાની સારી તક મળી અને ફરી એકવાર હું ફિટ થઈ ગઇ છું, મારે કેટલું રમવું તે હવે જાતે જ નક્કી કરવાનું હતું. નેશનલ ચેમ્પિયનશિપમાં ડબલ્સ એવી વસ્તુ હતી જે હું રમવા માગતી હતી અને તેના માટે શારીરિક રીતે ફિટ થવા માગતી હતી અને હવે તેને જીતવાથી તે વધુ વિશેષ લાગે છે. જોશના ચિનપ્પાએ તેની સાથે જ ઉમેર્યું હતું કે પરંતુ હું ભારત માટે વધુ રમવા માંગુ છું અને (પીએસએ) પ્રવાસ પર વાપસી કરવા માગુ છું. હું હજુ પણ 100 ટકા પ્રદર્શન કરી રહી નથી પરંતુ હું મારી ટીમ અને કોચ સાથે મળીને સંપૂર્ણ પુનરાગમન અંગે નિર્ણય લઈશ.'જોશનાએ તેના પુનરાગમન શક્ય બનાવવા માટેનું શ્રેય તેના સપોર્ટ સ્ટાફને આપ્યું હતું.

તેણે કહ્યું હતું કે પાછા આવવું અઘરું છે, ખાસ કરીને 37 વર્ષની ઉંમરે. હું જાણું છું કે તૈયારી કરવા માટે હજુ કેટલું કામ કરવાની જરૂર છે. પરંતુ મોટી ઉંમરે તાલીમની સુંદરતા એ છે કે તમે તમારા શરીરને વધુ સારી રીતે સમજો છો એવું આ અનુભવી ખેલાડીએ કહ્યું હતું. જો તમે વસ્તુઓ બરાબર કરો છો તો તમે તેમાંથી ઘણું મેળવી શકો છો. આહાર, પોષણ અને તાલીમ - મારે આના પર વધુ ધ્યાન આપવું પડ્યું. "મારા ફિઝિયો યશ પાંડે સહિતની શ્રેષ્ઠ (સપોર્ટ) ટીમ સાથે કામ કરવું એ એક સરસ શીખવાની પ્રક્રિયા હતી અને તેણે મારા પુનરાગમનમાં મને ખરેખર મદદ કરી. પડકારજનક સમયમાં તમારી આસપાસ કોણ છે તે ખૂબ મહત્વનું છે.

સ્પેશિયલ કોમેન્ટ

બૌદ્ધિક વિકલાંગતાના કારણે ટોણો મારનારાઓ હવે દીપ્તિ વર્લ્ડ ચેમ્પિયન બનતા જ વખાણવા માંડ્યા

ભારત માટે એવું કહેવાય છે કે તે ઉગતા સૂર્યને પૂજનારો દેશ છે. માત્ર ઉગતા સૂરજને જ નહીં પણ કોઇ વ્યક્તિ જે ક્યારેક નિરાશાની ગર્તામાં હોય ત્યારે તેની ખબર પણ ન પૂછનારા લોકો એ વ્યક્તિ સફળ બનતા જ તેની વાહવાહી કરવા માંડે છે અને આવું જ કંઇક પેરા એથ્લેટ દીપ્તિ જીવનજીના કિસ્સામાં બન્યું છે. દીપ્તિ જીવનજીના માતા-પિતાને તેમની પુત્રી 'માનસિક રીતે નબળી' હોવાના કારણે ગામના લોકો લાંબા સમયથી ટોણા મારતા હતા, પરંતુ તેણે જાપાનના કોબેમાં પેરા એથ્લેટિક્સ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં વર્લ્ડ રેકોર્ડ સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ પછી અમે તેમના વખાણ કરતા થાકતા નથી. દીપ્તિની જીત બાદ તેલંગાણાના કાલેડા ગામમાં સ્થિત નાના ઘરની બહાર મોટી સંખ્યામાં લોકો ઉજવણી કરી રહેલા જોવા મળ્યા હતા.

સ્પેશિયલ

દીપ્તિએ ગયા વર્ષે હેંગઝોઉ એશિયન પેરા ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીત્યો તે પહેલા લોકો માનસિક રીતે નબળી છોકરી હોવાથી તેના લગ્ન ન થવાથી તેની અને તેના માતા-પિતાને ટોણા મારતા હતા. હવે એ જ ગામલોકો દીપ્તિના માતા-પિતાની તેની સિદ્ધિ માટે વખાણ કરી રહ્યા છે.

તેલંગાણાના વારંગલ જિલ્લામાં રોજમદાર મજૂરોના પરિવારમાં જન્મેલી, 20 વર્ષીય દીપ્તિએ સોમવારે 55.07 સેકન્ડના વર્લ્ડ રેકોર્ડ ટાઈમિંગ સાથે મહિલાઓની 400 મીટર T20 કેટેગરીની રેસમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. તેણે આગામી પેરિસ પેરાલિમ્પિક્સ માટે પણ ક્વોલિફાય કર્યું હતું. T20 શ્રેણી એવા ખેલાડીઓ માટે છે જેઓ બૌદ્ધિક રીતે પડકારરૂપ છે. દીપ્તિના કોચ નાગપુરી રમેશે કહ્યું કે તેના માતા-પિતાને ગામલોકોના ટોણાનો સામનો કરવો પડ્યો હતો. રમેશે હૈદરાબાદથી કહ્યું હતું કે દીપ્તિના માતા-પિતા દૈનિક મજૂરી કરતા હતા અને તેઓ પરિવાર ચલાવવા માટે સંઘર્ષ કરી રહ્યા હતા. આ ઉપરાંત, તેને ગામલોકોના સતત ટોણાનો સામનો કરવો પડ્યો હતો. દીપ્તિએ ગયા વર્ષે હેંગઝોઉ એશિયન પેરા ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીત્યો તે પહેલા લોકો માનસિક રીતે નબળી છોકરી હોવાથી તેના લગ્ન ન થવાથી તેની અને તેના માતા-પિતાને ટોણા મારતા હતા. હવે એ જ ગામલોકો દીપ્તિના માતા-પિતાની તેની સિદ્ધિ માટે વખાણ કરી રહ્યા છે. તેણે મને કહ્યું કે પેરા એશિયન ગેમ્સ પછી તે હૈદરાબાદ આવી હતી અને તેણે મને કહ્યું હતું કે તે વિસ્તારના જિલ્લા કલેક્ટર અને રાજકીય પક્ષોના નેતાઓ પણ તેમના ઘરે આવ્યા હતા, અને એ તેમના માટે આશ્ચર્યજનક હતું. હાંગઝોઉ પેરા એશિયન ગેમ્સમાં 400 મીટર T20 કેટેગરીમાં 56.69 સેકન્ડના એશિયન રેકોર્ડ સમય સાથે મેડલ જીત્યો હતો.

રમેશે કહ્યું હતું કે દીપ્તિના પિતા જે યાદગીરી અને માતા જે ધનલક્ષ્મી એટલા ગરીબ હતા કે તેમની પાસે તેમના બાળકને વારંગલથી હૈદરાબાદ મોકલવા માટે બસ ભાડું પરવડે તેટલા પૈસા પણ નહોતા. PET શિક્ષકે તેને વારંગલમાં શાળાની મીટમાં જોઇ હતી,, જ્યારે તેણે દીપ્તિને તાલીમ આપવાનું નક્કી કર્યું ત્યારે તે ઘટનાને યાદ કરી. જ્યારે મેં તેને દીપ્તિને મોકલવાનું કહ્યું ત્યારે તેમણે કહ્યું કે તેમની પાસે બસ ભાડાના પૈસા નથી. મેં તેને બસમાં ચઢવા અને કંડક્ટરને મારી સાથે વાત કરાવવા કહ્યું હતું.

રમેશે જણાવ્યું કે દીપ્તિને રમતગમતમાં આગળ વધારવા માટે તેના પિતાને તેમની જમીન વેચવી પડી હતી પરંતુ એશિયન પેરા ગેમ્સ પછી દીપ્તિને ઈનામની રકમ મળતા તેમણે ફરીથી એટલી જ જમીન પાછી ખરીદીને ખેતી શરૂ કરી દીધી હતી. જ્યારે દીપ્તિ હૈદરાબાદ આવી ત્યારે તે નવમા ધોરણમાં હતી. હૈદરાબાદમાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયામાં તેની નોંધણી કરવામાં આવી હતી. જ્યાં તે રમેશની દેખરેખ હેઠળ પ્રેક્ટિસ કરતી હતી. રમેશ ભારતીય જુનિયર એથ્લેટિક્સ ટીમના કોચ છે. દીપ્તિની કારકિર્દીમાં મુખ્ય રાષ્ટ્રીય બેડમિન્ટન કોચ પુલેલા ગોપીચંદની પણ ભૂમિકા હતી. ગોપીચંદે જ રમેશને હૈદરાબાદમાં બૌદ્ધિક વિકલાંગ વ્યક્તિઓના સશક્તિકરણ માટે રાષ્ટ્રીય સંસ્થામાં લઈ જવા સૂચવ્યું હતું. તબીબી પરીક્ષણો પછી, તેને 'માનસિક રૂપે નબળી તરીકે પ્રમાણિત કરવામાં આવી હતી અને આનાથી તેને પેરા સ્પર્ધાઓમાં ભાગ લેવાની મંજૂરી મળી હતી.